# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૭ તા.૧૧-૧-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે અમેરિકાના શિકાગો શહેરમાં મળેલ વિશ્વધર્મ પરિષદમાં પોતાના વકતવ્યથી તમામને મંત્રમુગ્ધ કરનાર અને સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો વગાડનાર યુગદષ્ટા સ્વામી વિવેકાનંદજીના (૧૨મી જાન્યુઆરી) જન્મદિવસ નિમિત્તે નીચે જેવી વિવિધ પ્રવૃત્તિઓ / કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

(૧) તમામ શાળાઓએ પ્રાર્થના સંમેલનમાં વિવેકાનંદજીની પ્રતિમા રાખવી. શિક્ષકોએ સ્વામી વિવેકાનંદજીનાં જીવનનાં પ્રેરક પ્રસંગો કહેવા.

(૨) તા.૧૨-૧-૧૬ના દિવસે સવાર પાળીની તમામ શાળાઓએ સવારના ૮-૩૦ થી ૯-૩૦ દરમ્યાન શાળાની આસપાસનું ૧ કિ.મી. અંતર કવર થાય તે રીતે ધો.૬ થી ૮ના બાળકોની સાથે **વિવેકાનંદ વિચાર પ્રસાર યાત્રા** કાઢવી. તેમાં સ્વામી વિવેકાનંદના વિચારો-ઉદ્દ્ગારોના લખાણ અને સ્લોગનો દર્શાવતા પ્લે-કાર્ડ સાથે રાખવા. ગત વર્ષે બનાવેલ બેનરનો ઉપયોગ કરવો.

(૩) દરેક શિક્ષકે વર્ગખંડમાં યુવાઓનાં આદર્શ એવા સ્વામી વિવેકાનંદજીના જીવન-કવન આધારિત પ્રસંગો કહી વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી.

(૪) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ, એસ.એમ.સી.ના સભ્યો અને મ્યુનિ. કાઉન્સીલરોને આમંત્રિત કરી શકાય.

(૫) શાળા પુસ્તકાલયમાં સ્વામી વિવેકાનંદજીના જીવન-કવન આધારિત ઉપલબ્ધ પુસ્તકો વિદ્યાર્થીઓ વાંચે, પ્રેરણા મેળવે તેવું આયોજન કરવું તેમજ તે વિષય પર શ્રુતલેખન અને અનુલેખન કરાવવા ખાસ આયોજન ગોઠવવું.

તા.૧૧-૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી